# શહેરમાં પખવાડિયામાં ગરમીથી ૪૪ બેભાન

## ૧૫ દિવસમાં ૧૦૮ એમ્બ્યુલન્સ ગરમીથી અસરગ્રસ્ત ૨૩૬ વ્યકિતઓને હોસ્પિટલ સારવાર અર્થે લઈ ગઈ

ગાંધીનગર, તા.૧૮

છેલ્લા એક અઠવાડિયાથી રાજયમાં ગરમીનું આક્રમણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. જેને પગલે ગરમીની અસર થતા લૂ લાગવાના, પેટમાં દુઃખાવો, બ્લડ પ્રેશર, નાકમાંથી લોહી નીકળવું, ચકકર, ઝાડા-ઉલ્ટી અને બેભાન થઈ જવાના કિસ્સાઓ પણ રાજયભરમાં વધ્યા છે. ગાંધીનગરમાં છેલ્લા ૧૬ દિવસમાં ૨૩૬ વ્યકિતઓને ગરમીની અસરથી તબિયત લથડતા સારવાર માટે હોસ્પિટલમાં ૧૦૮ની ટીમ દ્વારા ખસેડવામાં આવ્યા છે. જે પૈકી ૪૪ વ્યકિતઓ બેભાન થઈ ગયા હોવાની સારવાર માટે ખસેડવા પડયા હોવાનું જાણવા મળ્યું છે.

રાજયમાં ઈમર્જન્સી સેવા આપવામાં નંબર-૧ ગણાતી ૧૦૮ એમ્બ્યુલન્સ ગરમીના આક્રમણને કારણે દિવસભર સતત દોડતી રહે છે. ગાંધીનગરમાં છેલ્લા ૧૬ દિવસમાં ગરમીથી ૨૩૬ વ્યકિતઓની તબિયત લથડી જેમને તાત્કાલીક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પેટમાં દુખાવાના ૪૨, બ્લડ પ્રેશર વધ-ઘટ થવાના ૧૪, છાતીમાં દુઃખાવાના ૪૩, નાકમાંથી લોહી નિકળવાના ૫, ચકકર આવવાના ૧૧, પડી જવાના ૩૧, ઝાડાના ૨૨, ઉલ્ટીના ૨૪ અને બેભાન થઈ જવાના ૪૪ કેસ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના ચોપડે નોંધાવા પામ્યા છે. ગાંધીનગરના ૨૩૬ વ્યકિતએ ગરમીથી તબિયત લથડી ત્યારે ૧૦૮ એમ્બ્યુલન્સનો સહારો લીધો હતો તે ઉપરાંત ખાનગી વાહનમાં સારવાર લેવા હોસ્પિટલ પહોંચેલા વ્યકિતઓ પણ સંખ્યાબંધ હશે...!

### ગરમીથી બચવા ૧૦૮નાં સુચનો

- સખત ગરમીમાં બને ત્યાં સુધી તડકામાં બહાર નીકળવાનું ટાળો.
- ગરમીમાં બહાર નીકળો તો સુતરાઉ લાંબા આખી બાંયના કપડા પહેરવા જોઈએ.
- મોઢાથી પ્રવાહી પુરતા પ્રમાણ પ્રમાણમાં લેવું જોઈએ જેમાં સાદુ પાણી, લીંબુ, ઓઆરએસ અને છાસ, જયુસ વગરેનો ઉપયોગ કરી શકાય.
- નાના બાળકો અને મોટી ઉંમરની વ્યકિતઓને ગરમીમાં બહાર ન જવા દેવાં.
- ગરમીની સહેજ પણ અસર દેખાય તો તરત જ નજીકના દવાખાનામાં ડોકટરનો સંપર્ક કરવો.
- લુ લાગવાના ચિન્હો જણાય તો તરત ૧૦૮ને મદદ માટે કોલ કરવો જઈએ.
- જે વ્યકિતને લુ લાગી હોય એને ઠંડા વાતાવરણમાં રાખવો હીતાવહ છે.
- લુ લાગેલા વ્યકિતને પ્રાથમિક ઉપચાર માટે ઠંડા પાણીના પોતા મુકી શકાય.
- આઈસ પેક જો હોય તો ઝાંગ અને બગલના ભાગમાં મુકવાથી શરીરનું ઉષ્ણતામાન તરત જ નીચું લાવી શકાય છે.
- લેબરવર્કરો જો તડકામાં કામ કરતા હોય તો દર ૨ કલાકે છાંયડામાં ૧૫ થી ૨૦ મિનિટ આરામ લેવો જોઈએ.
- ગરમીની ઋતુમાં બજારુ, ઉઘાડો અને વાસી ખોરાક ખાવાનું ટાળવું જેથી ઝાડા ઉલ્ટીની બિમારીથી બચી શકાય.

## @ગાંધીનગર

● હેપ્પી યુથ કલબ દ્વારા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તથા જુનિયર સીટીઝન કાઉન્સિલના સહયોગ સાથે ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સેકટર-૧૬માં યુથ હોસ્ટેલ ખાતે રકતદાન કેમ્પ યોજાશે.

## ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં શ્રી સ્વામીનારાયણ શાળાનું ૯૪.૪ ટકા પરિણામ

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૬માં લેવાયેલી ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીણામ જાહેર કરવામાં આવ્યું હતું. જયારે સેકટર-૨૩ સ્થિત શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ ગુજરાતી માધ્યમનું૯૪.૪ ટકા પરિણામ આવ્યું છે. ગુજરાતી માધ્યમમાં ચાર વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવ્યો છે તેમજ શાળામાં એ-૨ ગ્રેડમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા કુલ ૧૩ છે. આ ઉપરાંત સ્વામિનારાયણ સ્કૂલનું વિજ્ઞાનપ્રવાહ માર્ચ ૨૦૧૬નું અંગ્રેજી માધ્યમનું ૭૦ ટકા પરિણામ આવ્યુંછે. જેમાં અંગ્રેજી માધ્યમમાં પાંચ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે તથા શાળામાં એ-૨ ગ્રેડમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ત્રણ છે.

## વાતવાતમાં

● સ્વર્ણિમ પાર્ક ખાતે આકર્ષણનું કેન્દ્ર બનેલા મ્યુઝિકલ ફાઉન્ટેન તેના સમ્પની લાઈનમાં ભંગાણ સર્જાવાથી વેકેશનના સમયગાળામાં જ બંધ હાલતમાં હતા હવે તેની ક્ષતિનું સમારકામ કરી લેવાયું હોઈ આ ફુવારા ફરી એકવાર સંગીતના સુરોના તાલે રંગબેરંગી આવરણ સજી નૃત્ય કરતા દેખાશે.


● ગાંધીનગરનીન મેડીકલ કોલેજમાં યુનિ.નું વર્ષ ૨૦૧૬-૧૭ માટેનું ઈન્સ્પેકશન યોજાયું હતું. દર વર્ષે કરાતા આ રૂટિન ઈન્સ્પેકશનમાં ગુજરાત યુનિ.ના અધિકારીઓએ કલાસરૂમથી માંડીને હોસ્ટેલ સુધીની સુવિધાઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું.

● શહેરની હેપ્પી યુથ કલબ દ્વારા સિવિલ હોસ્પિટલમાં સર્જાયેલ રકતની તંગીને ધ્યાનમાં રાખીને વિવિધ સંસ્થાઓ સાથે મળી સે-૧૬ની યુથ હોસ્ટેલ ખાતે રકતદાન કેમ્પ યોજવામાં આવ્યો છે. આ રકતદાન શિબિરમાં શહેરના જાણીતા જીવદયા પ્રેમી નરેન્દ્ર રાવલ દ્વારા તમામ રકતદાતાઓને વિના મૂલ્યે પક્ષી પરબ ચકલોડિયાનું વિતરણ કરવામાં આવનાર છે.

● શહેરમાં તાપમાન ૪૫ ડિગ્રીની આસપાસ રહેતુંહોવાથી બપોર સૂમસામ હોય છે પરંતુ સાંજ પછી મોડી રાત સુધી સ્વર્ણિમ પાર્ક ખાતે સહેલાણીઓનો મેળો જામે છે જેમાં નાસ્તા ઉપરાંત આઈસ્ક્રીમ-ઠંડા પીણા વગેરેની જયાફતો ઉડે છે. જોકે કેટલાક બેદરકાર નગરજનો આ જયાફત માણ્યા પછી કચરો ડસ્ટબીનમાં ફેંકતા ના હોવાથી ગંદકી સર્જાય છે. જેને જોઈ મોટા ભાગના નગરજનો ફીટકાર વરસાવતા હોય છે.

# કેરીના ઉત્પાદકો સગવડોથી વંચિત

## પોતાની ઉપજ પોતે જ વેચાણ કરી શકે તેવી સરકારી જાહેરાતથી પ્રેરાઈને આવેલા ખેડુતોની ઉપેક્ષા, આકરી ગરમીમાં પંખાની પણ સગવડ નથી, ખાવા-પીવા તેમજ રહેવા માટે વલખાં





ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના કૃષિભવનના પાર્કિંગમાં સૌરાષ્ટ્રથી આવેલા ખેડુતો પરસેવે રેબઝેબ થઈ જૈવિક કેરીઓનું વેચાણ કરી રહ્યા છે. સરકારની મસમોટી ખેડુતલક્ષી જાહેરાતથી આકર્ષાઈને દોડી આવેલા આ ખેડૂતોની અવગણના થતાં ખેડુતવર્ગમાં ભારે નારાજગી જોવા મળી છે. સારી કેરી અને વ્યાજબી ભાવે ગ્રાહકોને ઉપલબ્ધ બની રહે અને ખેડૂતો પોતાની ઉપજ સીધી જ બજારમાં ગ્રાહકોને વેચી શકે તેવા ઉદ્દેશથી આવેલા ખેડુતોને સરકારે પર્યાપ્ત સગવડો ઉપલબ્ધ ન કરાવતા સરકારની નીતી અને રીતી સામે સવાલો ઉભા થયા છે.

ફળફળાદિ માટે વાતાવરણને ઠંડુ અથવા ઠંડક મળે તેવી જગ્યા ઉપલબ્ધ કરાવી જોઈએ તેના બદલે હાલ ગરમીથી ત્રસ્ત ખેડૂતો અને ખરીદી અર્થે આવતા ગ્રાહકો પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે. પાર્કિંગ નજીક ફાળવી દીધેલી જગ્યામાં ખેડૂતોએ પોતાના ખર્ચે જ તમામ સગવડો ઉભી કરવી પડે છે. જેમાં લાઈટ, ખાવા પીવા તથા રહેવાની સુવિધા પણ આવી જાય છે. સગવડોથી વંચિત આ ખેડૂતો સરકાર તરફથી સહકાર ન મળ્યો હોવાનો બળાપો પણ વ્યકત કરી રહ્યા છે. ગ્રાહક લક્ષી કેરીઓના વેચાણમાં ખેડુતો ગ્રાહકોને માલની પુર્ણ ગેરંટી આપી રહ્યા છે જેમાં ખરાબ નીકળે કે પાકી નહીં તો પણ બદલી અપાય છે ગાંધીનગર તથા આજુબાજુના વિસ્તારના લોકો માટે સૌરાષ્ટ્રની કેસર સહિત શ્રેઠ કેરી ઉપલબ્ધ બની છે ત્યારે સરકાર દ્વારા ખેડૂતોને પુર્ણ સગવડ અપાય તેવું ગ્રાહકો જણાવી રહ્યા છે.

# અંબાપુર કેનાલમાં ઝંપલાવી જીઈબીના આધેડનો આપઘાત

## આપઘાત કરવા પાછળનું રહસ્ય અકબંધ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરને અડીને આવેલી જીઈબી કોલોની ખાતે રહેતા ૪૭ વર્ષીય આધેડે ગઈ બપોરે અંબાપુર-ઝુંડાલ નર્મદા કેનાલમાં છલાંગ લગાવીને મોતને વ્હાલુ કરી દેતા ચકચાર મચી જવા પામી હતી. અડાલજ પોલીસને ઘટનાની જાણ થતા મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા પોલીસે તજવીજ શરૂ કરી છે.

પેથાપુર જીઈબી કોલોનીમાં રહેતા ૪૭ વર્ષીય ધીરૂભાઈ સોનાભાઈ રાઠોડે ગઈ કાલે સુઘડ-ઝુંડાલ નર્મદા કેનાલમાં પડતુ મુકયું હતું. આ ઘટના અંગે સેકટર-૩ ખાતે રહેતા મનોજભાઈ ચૌધરીએ અડાલજ પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ બહાર કઢાવી પોસ્ટમોર્ટમ કરાવી પરિવારજનોનેસોંપ્યો હતો. જમાદાર નરેન્દ્રભાઈએ આપઘાતનું કારણ બહાર લાવવા પરિવારજનોની પુછપરછ આરંભી છે. જો કે હજુ સુધી આપઘાતનું સ્પષ્ટ કારણ બહાર આવ્યું નથી.

## ગાંધી મિત્ર વર્તુળ દ્વારા બેઠક યોજાશે

ગાંધી મિત્ર વર્તુળ દ્વારા આગામી તા. ૨૧મી મે ને શનિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સેકટર-૨૨ ખાતે માસિક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં સંસ્થાના તમામ સભ્યોને હાજર રહેવા મંત્રી સોમાભાઈ પરમારે અનુરોધ કર્યો છે.

## ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આર.જી. પટેલ શાળાનું ૮૭.૫૦ ટકા પરિણામ

ગાંધીનગર, તા.૧૮

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સેકટર-૨૩ સ્થિત આર.જી. પટેલ





કન્યા શાળાનું ૮૭.૫૦ ટકા પરિણામ આવ્યું છે. શાળામાંથી હોસ્ટેલની ૭૨ વિદ્યાર્થીનીએ આ પરીક્ષા આપી હતી. જેમાંથી ૬૩ વિદ્યાર્થીનીઓ ઉત્તીર્ણ થઈ છે જેમાં ગૃપ બીમાં ઉર્વી બારોટ, અપેક્ષા પ્રજાપતિ અને નીલમ રાઠોડ શાળામાં પ્રથમ ત્રણ ક્રમે રહ્યા છે. જયારે ગૃપ એમાં શ્વેતા ચંપાવત, રૂશીના સુદાની અને સ્નેહા ચંપાવતનો સમાવેશ થાય છે.

# શહેરમાં રાજયના હેન્ડબોલ ખેલાડીઓને સઘન તાલીમ

## સાઈ ખાતે પુરુષ ખેલાડીઓ અને પીડીપીયુ ખાતે મહિલા ખેલાડીઓનું કોચીંગ : રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય નામના ધરાવતા પ્રશિક્ષકો દ્વારા અત્યાધુનિક કોચીંગ : કેમ્પના અંતે રાજયની ટીમની પસંદગી પ્રક્રિયા યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ખેલે ગુજરાત અંતગર્ત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા તથા પીડીપીયુ ખાતે રાજયના હેન્ડબોલની રમતના ખેલાડીઓનો સમર કોચીંગ કેમ્પ આયોજિત કરવામાં આવ્યો છે. તા. ૪ થી મેથી પ્રારંભ થયેલ આ કેમ્પ તા. ૨૪ મે સુધી ચાલશે. જેમાં રાજયના પ્રતિષ્ઠિત પ્રશિક્ષકો સાથે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે નામના ધરાવતા એકસ્પર્ટ કોચીઝની સેવાઓ પણ લેવામાં આવી રહી છે. ગુજરાત સરકાર હેન્ડબોલની રમતમાં રાજયની ટીમના આશાસ્પદ પરિણામો પ્રાપ્ત કરવાની સંભાવના જોઈ રહી છે. કેમ્પના અંતે રાજયની પુરુષ અને મહિલા વિભાગની હેન્ડબોલ ટીમના ખેલાડીઓની પસંદગી પ્રક્રિયા યોજાશે.

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં ખેલ મહાકુંભ યોજવામાં આવ્યો હતો. ખેલ મહાકુંભ તથા શાળાકીય કક્ષાની સ્પર્ધાઓ અને હેન્ડબોલ એસોસિએશનની સ્પર્ધાઓ વગેરેમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર રાજયના હેન્ડબોલના ખેલાડીઓને આ સમર કોચીંગ કેમ્પમાં ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવી રહી છે. આ ખેલાડીઓમાં કુલ ૮૯ પુરુષ ખેલાડીઓ છે જે સે-૧૫માં સાઈ ખાતે તાલીમ મેળવી રહ્યા છે અને કુલ ૮૫ મહિલા ખેલાડીઓ છે જેમને પંડિત દિનદયાલ ઉપાધ્યાય યુનિવર્સિટી ખાતે તાલીમ આપવામાં આવી રહી છે. પુરુષ ખેલાડીઓને સુવિખ્યાત કોચ સી.પી.સિંઘ એકસ્પર્ટ કોચ તરીકે સવાઓ આપી રહ્યા છે જયારે મહિલા ખેલાડીઓને એસીએસ ધિલ્લોન દ્વારા કોચીંગ પુરું પાડવામાં આવી રહ્યું છે. કોચીંગ માટે અદ્યતન સાધનો તથા સુવિધાઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે અને સઘન તાલીમ દ્વારા સારા પરિણામોની સંભાવના અંગે આશા સેવાઈ રહી છે.

ગુજરાત હેન્ડબોલ એસોસિએશનના કોચ કૌશિક પટેલે આ કોચીંગ કેમ્પ દ્વારા રાજયની પુરુષ અને મહિલા વિભાગની ટીમોની પસંદગી કરવામાં આવશે તેવી શકયતા સાથે રાજયમાં હેન્ડબોલના ખેલાડીઓનું પ્રદર્શન સુધરવાની અને ઉત્કૃષ્ઠ પરિણામો હાંસલ કરવાની સંભાવના દર્શાવી છે. ખેલાડીઓની વિવિધ વય જુથના આધારે પસંદગી પ્રક્રિયા હાથ ધરાશે. જેમાં અનેક પ્રતિભાઓ નિખરીને બહાર આવશે તેવી શકયતાઓ જોવાઈ રહી છે.

# ડાયમંડ ગૃપ દ્વારા ફેશન લીગ-૨૦૧૬નું આયોજન

## ગાંધીનગરમાં સતત ત્રીજીવાર યોજાતા ફેશન લીગમાં ૧૦૦થી વધુ કલાકારો ભાગ લેશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં ફેશન લીગ ૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યું છે. ધી ડાયમંડ ગૃપ દ્વારા યોજાનારા આ ફેશન લીગમાં જિલ્લામાંથી ૧૦૦થી વધુ કલાકારો ભાગ લેશે. આ લીગમાં ડાન્સ અને સીંગીગ સહિતની અનેકવિધ સ્પર્ધાઓ યોજવામાં આવશે. ફેશન લીગને અનુલક્ષી આગામી તા. ૨૧ અને ૨૨ મેના રોજ ઓડીશનનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

ધી ડાયમંડ ગૃપના સંચાલક જીગર ત્રિવેદીના જણાવ્યા મુજબ ગાંધીનગરના આંગણે ત્રીજીવાર ફેશન લીગનુંઆયોજન કરવામાં આવ્યુંછે. ફેશન લીગ ૨૦૧૬ અન્વયે બેસ્ટ કીડ બોય, બેસ્ટ કીડ ગર્લ, મીસ ગાંધીનગર તથા મીસીસ ગાંધીનગર ઉપરાંત ડાન્સ અને સીંગીગની અનેકવિધ સ્પર્ધાઓ પણ યોજવામાં આવશે. આ ફેશન લીગમાં ભાગ લેવા ઈચ્છતા કલાકારો માટે આગામી તા. ૨૧ અને ૨૨મેના રોજ ઘ-૬ પાસે સ્થિત સે-૨૨ લાલભુવન કોમ્પ્લેક્ષ ખાતે સાંજે ૫ થી ૯ કલાક દરમિયાન ઓડીશન યોજવામાં આવશે. તા. ૨૩મેના રોજ અડાલજ શ્રેયા ફાર્મ ખાતે સેમીફાઈનલ રાઉન્ડ યોજાશે. ફેશન લીગમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેમણે ડાયમંડ ગૃપના સંચાલકનો સંપર્ક કરવા જણાવાયું છે.

જીગર ત્રિવેદીએ વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે ગાંધીનગરમાં અગાઉ બે વખત આ પ્રકારની ફેશન લીગ યોજવામાં આવી હતી. વર્ષ ૨૦૦૭ અને ૨૦૧૦ દરમિયાન નગરજનોએ ઉત્સાહભેર તેમાં ભાગ લીધો હતો. મુંબઈ, દિલ્હી અને અમદાવાદ જેવા મોટા શહેરમાં ફેશન લીગનું ભવ્ય આયોજન થાય છે ત્યારે ગાંધીનગરના કલાકારોને પણ સ્ટેજ પુરું પાડવા આ ફેશન લીગનું આયોજન કરવામાં આવ્યું છે.

# સફાઈ કામદારોના પડતર પ્રશ્નો નિવારવા અંગે રજુઆત

ગાંધીનગર-અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયન દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી સફાઈ કામદારોના પડતર પ્રશ્નો અંગે રજુઆત કરવા છતાં આ પ્રશ્નોનું કોઈ નિરાકરણ આવ્યું નથી.

આ અંગેની રજૂઆતમાં પ્રમુખ શાન્તાબેન ચાવડાએ જણાવ્યું હતું કે મહાનગરપાલિકાના સફાઈ કામદારોને છઠ્ઠા પગાર અંગે, જૂથ વિમા અંગે, રીટાયર્ડ કર્મચારીઓના પેન્શન અંગે, સફાઈ કામદારોને પગાર અંગે રોજમદાર સફાઈ કામદારોને મનપામાં સમાવેશ કરવા અંગે, તેમની કપાત પી.એફ.ના પુરાવા અંગે તથા તારીખ ૨૨ અને ૨૫ સુધી સફાઈ કામદારના પગાર થતા નથી અને એજન્સીઓને ફકત પગારનો ચેક લેવા પુરતી જવાબદારી આપવામાં આવે છે. આ સહિતના તમામ પ્રશ્નો અંગે કોઈ નિરાકરણ આવ્યું નથી. અવારનવાર રજૂઆતો પણ કરવામાં આવી હોવા છતા હજુ સુધી કોઈ પણ પ્રકારનો નિર્ણય લેવાયો નથી. સમગ્ર ભારતમાં રાષ્ટ્રીય સફાઈ અભિયાન ચાલે છે તેમ છતાં ગાંધીનરના સફાઈ કામદારોની પરિસ્થિતિ કફોડી બની છે.

# શેઠ સી.એમ. શાળાનું વિજ્ઞાન પ્રવાહમાં ૯૬.૨ ટકા પરિણામ

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં સેકટર-૨૩માં આવેલ શેઠ સી.એમ. હાઈસ્કૂલનું ૯૬.૧૨ ટકા પરિણામ આવ્યું છે. આ પરિણામ મુજબ શાળામાં પ્રથમ ક્રમે નિરવ ઓઝા, બીજા ક્રમે સાત્વિક ચાવડા અને ત્રીજા ક્રમે દ્રવિક પરમારે સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેમજ શાળાના ૩૩ વિદ્યાર્થીઓએ એ-૨ ગ્રેડ મેળવ્યો છે. ઉત્તીર્ણ થયેલ તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

# ઈન્ફોસીટીમાં મોબાઈલ શોપ પર પોલીસનું ચેકીંગ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર ઈન્ફોસીટી પોલીસ મોબાઈલની દુકાનો પર ચેકીંગ શરૂ કર્યા છે. ઈન્ફોસીટીના સુપર એન.એકસ મોલમાં આવેલી દુકાન નં ૧૦૮ ખાતે સ્થિત રીલાયન્સ રીટેઈલ લી.માં ચેકીંગ કરતા મોબાઈલ વેચાણનું રજીસ્ટર નિભાવતા ન હોવાનું ધ્યાને આવ્યું હતું. તે ઉપરાંત ગ્રાહકોના આઈ.ડી.પ્રુફ લેતા ન હોવાનું અને મોબાઈલના આઈ.એમ.ઈ.આઈ. નંબર પણ નોંધતા ન હોવાનું ધ્યાને આવતા પોલીસે દુકાન માલિક ધવલ ગણપતભાઈ આરીયા સામે જિલ્લા કલેકટરના જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સિવિલ હોસ્પિટલની ટોકન સીસ્ટમને સાનુકુળ પ્રતિસાદ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં અગાઉ કેસ કઢાવવા જુની પુરાણી પધ્ધતિ મુજબ લાઈન કરાવવામાં આવતી હતી. આ પધ્ધતિના કારણે દર્દીઓની લાંબી લચ્ચક લાઈનો લાગતા હેરાનગતિ સાથે નાની મોટી તકરારના બનાવો બનતા હતા. છેલ્લા પંદરેક દિવસથી સિવિલ હોસ્પિટલમાં અત્યાધુનિક ટોકન નંબર સીસ્ટમ અમલમાં મુકવામાં આવી છે. આ સીસ્ટમને કારણે દર્દીઓ કે તેમના સગાઓને લાઈનોમાં ઉભા રહી થાકવાનો કે વચ્ચેથી કોઈ ઓળખીતા પાળખીતા ઘુસી જાય તેવા બનાવ બનતા ના હોવાથી રાહતની લાગણી અનુભવાઈ રહી છે. આ સીસ્ટમને દર્દીઓ તથા તેમના સગાઓ તરફથી સારો આવકાર પ્રાપ્ત થઈ રહ્યો છે.

સિવિલ હોસ્પિટલમાં અત્યાધુનિક બારકોડ રીડર સીસ્ટમના કારણે દર્દીઓનો કેસ કાઢવામાં ઘણી સરળતા સાથે ઝડપ પણ આવી છે જેથી દર્દીઓ તથા તેમના સગાઓના ઘણા સમયનો બચાવ પણ થઈ રહ્યો છે. વળી, આ સીસ્ટમના કારણે બારકોડ રીડ થતા જ જુનો કેસ હોય તો તમામ વિગત સ્કીન પર આવી જાય છે અને જો નવો કેસ હોય તો તે અંગે પણ માહિતી મળી જાય છે. આ સીસ્ટમના કારણે દર્દીઓને ટોકન આપવામાં આવે છે જેમાં એક નંબર હોય છે. આ ટોકન મેળવ્યા પછી દર્દીઓ માટે બેસવાની વ્યવસ્થા કરાઈ છે જયાં એક ટીવી સ્કીન લગાડાયેલો છે જેના પર જે તે ટોકન નંબર ડિસ્પ્લે થાય તે દર્દી કે તેના સગાએ કેસ બારી પર જવાનું હોય છે. આ રીતે દર્દીઓ કે તેમના સગાઓને લાઈન લગાવી ઉભા રહી થાકવામાંથી મુકિત મળી છે અને લાઈન વચ્ચે ઘુસી જતા થતી ઘુસણખોરીની સમસ્યા અટકી જતા રોજે રોજ સર્જાતી તકરારોનો અંત આવી ગયો છે. આ કારણે દર્દીમાં રાહતની લાગણી પ્રવર્તી છે અને આ સીસ્ટમને સારો એવો આવકાર પ્રાપ્ત થઈ રહ્યો છે.

**દર્દીઓ-સગાઓને લાંબી લચ્ચક લાઈનોમાં ઉભા રહી થાકવામાંથી રાહત : રોજેરોજની તકરારોનો અંત : ટીસીએસ દ્વારા કૈયાર કરાયેલ બારકોડ સ્કેનીંગ સીસ્ટમથી કામગીરી ઝડપી બની**

અત્રે ઉલ્લેખનીય છે કે આ બારકોડ સ્કેનીંગ સીસ્ટમ ગાંધીનગરની વિશ્વ વિખ્યાત કંપની ટીસીએસ દ્વારા તૈયાર કરાઈ છે. આ સીસ્ટમને લાગુ કરે આશરે પંદરેક દિવસ થયા છે અને પ્રારંભથી જ આ સીસ્ટમ ઘણી ઉપયોગી સાબિત થવા પામી છે. જો કે સીસ્ટમની સાથે સાથે સિવિલ હોસ્પિટલના કર્મચારીઓના કેસ કઢાવવા આવેલા દર્દીઓ તથા તેમના સગાઓ પ્રત્યેના અભિગમમાં પણ હજુ વધુ સુધારો થાય તેવી આશા સેવાઈ રહી છે.

## ચિરવિદાય

- સ્વ. ત્રિવેદી સરલાબેન પ્રમોદરાય, ઉ.વ.૭૪
- સ્વ. વાઘેલા હરિશ્ચંદ્ર કનકસિંહ, ઉ.વ.૩૭
- સ્વ. ઠાકોર મણીબેન મવતાજી, ઉ.વ.૯૫
- સ્વ. પાઠક વિષ્ણુભાઈ સાંકળેશ્વર, ઉ.વ.૮૦
- સ્વ. ઠાકોર કંકુબેન સોમાજી, ઉ.વ.૯૦
- સ્વ. પુરોહિત શારદાબેન નિરંજનભાઈ, ઉ.વ.૬૫